

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 356
Dt.: 03-11-2025,
Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### RJDએ બંદૂકની અણીએ કોંગ્રેસથી CM કેન્ડીડેટ પદ છીનવ્યું: પીએમ

## અમારું લક્ષ્ય બિહારને મેડ ઈન ઈન્ડિયાનું કેન્દ્ર બનાવવાનું છે: વડાપ્રધાન મોદી

**જાહેર રેલીમાં મોદીએ જણાવ્યું કે આવતા વર્ષ સુધીમાં ૧૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે, અને આ માટે એક સંપૂર્ણ રોડમેપ તૈયાર કરાયો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા આરામાં એક જાહેર રેલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએના ચૂંટણી ઢંઢેરાના અને બિહારના વિકાસ અંગે એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો.

તેમણે કહ્યું કે દિલ્હીમાં રહેતા લોકો પવનની દિશા નક્કી કરી શકતા નથી, અને બિહારના લોકો એનડીએ સાથે છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે આવતા વર્ષ સુધીમાં ૧૦ મિલિયન નવી નોકરીઓનું સર્જન થશે, અને આ માટે એક સંપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે ૧.૩ કરોડ મહિલાઓના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, અને એનડીએ સરકાર બન્યા પછી આ સહાયમાં વધારો કરવામાં આવશે. વિપક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું, "એક તરફ, એનડીએનો પ્રામાણિક ઢંઢેરો છે, અને બીજી તરફ, મહાગઠબંધનનો જુઠ્ઠાણોનો ઢગલો છે."

તેમણે જનતાને બિહારને જંગલ રાજથી બચાવવા અને ફરી એકવાર NDA સરકાર બનાવવા અપીલ કરી. તેમણે વધુમાં કહ્યું, "વિકસિત બિહાર એ વિકસિત ભારતનો પાયો છે, અને હું આ માટે તમારો ટેકો મેળવવા આવ્યો છું."

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "બિહાર દેશમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતા રાજ્યોમાંનું એક છે, તેથી દ્ભ્હ્છ બિહારમાં શિક્ષણ અને કૌશલ્ય પર ખૂબ ભાર મૂકી રહ્યું છે. અમારો સંકલ્પ છે કે બિહારના યુવાનો બિહારમાં કામ કરશે અને બિહારને ગૌરવ અપાવશે. આ માટે, અમે આગામી વર્ષોમાં એક કરોડ નોકરીઓનું સર્જન કરવાની જાહેરાત કરી છે. આ ફક્ત જાહેરાત નથી; આ કેવી રીતે થશે તેની યોજના પણ જનતા સમક્ષ રજૂ કરવામાં આવી છે."

તેમણે વધુમાં કહ્યું, "આજે દુનિયામાં મેક ઈન ઈન્ડિયાને લઈને ઘણો ઉત્સાહ છે. અમારું લક્ષ્ય બિહારને મેડ ઈન ઈન્ડિયાનું કેન્દ્ર બનાવવાનું છે. આ કરવા માટે, અમે હજારો નાના અને કુટીર ઉદ્યોગોના નેટવર્કને મજબૂત બનાવીશું."

પીએમ મોદીએ આરજેડી પર કટાક્ષ કરતા કહ્યું, "આરજેડીના જંગલ રાજને વ્યાખ્યાયિત કરતી બાબતો છે: હિંસા, ક્રૂરતા, કડવાશ, ખરાબ રીતભાત, ખરાબ શાસન અને ભ્રષ્ટાચાર."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના નવાદા અને આરામાં ચૂંટણી સભાઓ સંબોધીને વિપક્ષી ગઠબંધન, ખાસ કરીને RJD અને કોંગ્રેસ પર તીવ્ર પ્રહારો કર્યા હતા.



સભામાં તેમણે દાવો કર્યો કે, 'નામાંકન પાછું ખેંચતા પહેલા બિહારમાં ગુંડાગર્દીનો ખેલ ખેલાયો હતો. કોંગ્રેસની ઈચ્છા ન હોવા છતાં સીએમ પદે આરજેડીનું નામ હોય અને આરજેડીએ પણ તક ઝડપી લીધી.'

જનસભા ગજવતા મોદીએ કહ્યું કે, 'આરજેડીએ કોંગ્રેસની કાનપટ્ટી પર કટ્ટો રાખીને મુખ્યમંત્રી પદ ચોરી લીધું છે. આરજેડી અને કોંગ્રેસ વચ્ચેનો આંતરિક ઝઘડો વધ્યો છે. ચૂંટણી બંને એકબીજાના માથા ફોડવા લાગશે, તેથી આવા લોકો ક્યારેય બિહારનું ભલું કરી શકે નહીં.'

તેમણે વધુમાં કહ્યું કે, 'વિકસિત ભારત બનાવવા માટે બિહારનો વિકાસ થવો જરૂરી છે, પરંતુ આરજેડી અને કોંગ્રેસ ક્યારેય બિહારને વિકસિત કરી શક્યા નથી. આ લોકોએ બિહાર પર અનેક વર્ષો સુધી રાજ કર્યું હતું, પરંતુ તેઓએ તમારી સાથે માત્ર વિશ્વાસઘાત કર્યો છે. જ્યાં કટ્ટા અને ક્રૂરતાનું રાજ હોય, ત્યાં કાયદો દમ તોડી નાખે છે.

વડાપ્રધાન મોદીએ પ્રજાને કહ્યું કે, 'બિહાર જંગલરાજ પરત ન આવવું જોઈએ, તેથી ફરી એકવાર એનડીએ સરકાર બનવી જોઈએ. એક તરફ અમારો ચૂંટણી ઢંઢેરો છે, તો બીજીતરફ મહાગઠબંધનનો ચૂંટણી ઢંઢેરો, તેમના મેનિફેસ્ટોમાં ખોટા વચન અપાયા છે, તે પ્રજા જાણે છે. વિકસિત બિહાર વિકસિત ભારતનો આધાર છે. વિકસિત બિહાર એટલે કે, ઔદ્યોગિક વિકાસ.

બિહારના યુવાઓ માટે બિહારમાં જ રોજગારી છે. તમારું સ્વપ્ન પુરુ કરવું, તે જ અમારો સંકલ્પ છે.

તેમણે કહ્યું કે, આ વખતે બિહારની પ્રજા એનડીએને રેકોર્ડ બેઠકોથી જીતાડશે. આ જંગલરાજવાળા લોકો આ વખતની ચૂંટમીમાં શરમજનક હારનો રેકોર્ડ નોંધાવશે, કારણ કે બિહારની જૂની અને નવી પેઢીએ નિર્ણય કર્યો છે કે, રાજ્યમાં ફરી એકવાર એનડીએ સરકાર બનશે.'

## અનંત સિંહે ગોળી મારી, સમર્થકોએ દુલારચંદ પર કાર ચઢાવી દીધી: FIRમાં દાવો, ૮૦ની ધરપકડ કરાઈ

**મોકામા વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર અનંત સિંહની દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં છોટે સરકાર તરીકે જાણીતા અને મોકામાના પૂર્વ ધારાસભ્ય, તેમજ જેડીયુ (JDU)ના ઉમેદવાર અનંત સિંહની મુશ્કેલીઓ વધી છે. મોકામા વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર અનંત સિંહની દુલારચંદ યાદવની હત્યાના કેસમાં પોલીસે ધરપકડ કરી છે.

આ કેસમાં દાખલ કરાયેલી એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે અનંત સિંહે દુલારચંદ યાદવને ગોળી મારી હતી અને ત્યારબાદ ત્યાં હાજર તેના સમર્થકોએ દુલારચંદ યાદવ પર કાર ચઢાવી દીધી હતી. મૃતક દુલારચંદ યાદવના પૌત્ર નીરજ કુમાર દ્વારા દાખલ કરાયેલી FIRમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ ઘટના ૩૦મી ઓક્ટોબરના રોજ બની હતી. દુલારચંદ અને તેમના સાથીઓ મોકામાના બસવન ચોક પાસે જન સૂરજ પાર્ટીના ઉમેદવાર પ્રિયદર્શી પીયૂષના સમર્થનમાં પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન અનંત સિંહ પોતાના સમર્થકો સાથે વાહનોમાં આવ્યા અને દુલારચંદ યાદવ સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું. જ્યારે દુલારચંદ યાદવે વિરોધ કર્યો, ત્યારે રાજવીર સિંહ અને કરમવીર સિંહ (બંને નદવાન ગામના રહેવાસીઓ)એ તેને બળજબરીથી વાહનમાંથી બહાર કાઢ્યા.

FIR મુજબ, ત્યારબાદ અનંત સિંહે પોતાના કમરબંધમાંથી પિસ્તોલ કાઢીને દુલારચંદને ગોળી મારી, જે તેમના ડાબા પગમાં વાગી હતી. દુલારચંદ જમીન પર પડતાં જ છોટન સિંહ અને સંજય સિંહે તેના પર લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો. અંતે અનંત સિંહના સમર્થકોએ દુલારચંદ યાદવ પર કાર ચઢાવી દીધી હતી. પોલીસે આ કેસમાં આઈપીસીની કલમ ૧૦૩ (હત્યા) અને ૩(૫) તેમજ આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે. આ કેસમાં ૮૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલો છે.

પટણાના વરિષ્ઠ પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું કે, મૃતક દુલારચંદ યાદવના મૃતદેહનું પોસ્ટમોર્ટમ ૩૧મી ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું હતું. તેણે એ પણ સ્પષ્ટતા કરી કે મૃતક દુલારચંદ યાદવનો પણ ગુનાહિત ઈતિહાસ હતો અને તેના પર હત્યા અને આર્મ્સ એક્ટ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે.

### અમારું પણ સમર્થન : પ્રિયંકા ગાંધીની મોદીને અપીલ

## પ્રદૂષણ જિંદગી-મોતનો સવાલ, તમે કડક પગલાં લો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીની સતત કથળી રહેલી હવા અને સમગ્ર રાજધાનીને ઢાંકી રહેલા ગાઢ ધુમ્મસ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને તાત્કાલિક પગલાં લેવાની અપીલ કરી છે. ધુમ્મસે રાજધાનીને ગ્રે કફનમાં લપેટી લીધી છે.

રવિવારે એક્સ પર પોસ્ટ કરીને પ્રિયંકા ગાંધીએ દિલ્હીની હવાને વાયનાડ અને બિહારના બછવાડા સાથે સરખાવી છે. તેમણે લખ્યું, 'પહેલા વાયનાડ અને પછી બિહારના બછવાડાથી દિલ્હીની હવામાં પાછા ફરવું ખરેખર ચોંકાવનારું છે. આ શહેર પર ઢંકાયેલા પ્રદૂષણથી લાગી રહ્યું છે કે, શહેર પર એક ગ્રે કવર નાખી દેવાયું છે.'

પ્રિયંકાએ વધુમાં લખ્યું છે કે, 'હવે સમય આવી ગયો છે કે આપણે બધા આપણી રાજકીય મજબૂરીઓની ચિંતા કર્યા વગર એકજૂથ થઈને આ વિશે કંઈક કરીએ. કેન્દ્ર અને રાજ્ય સરકારે તુરંત કાર્યવાહી કરવી જોઈએ. આ પ્રદૂષણની ભયાવહ પરિસ્થિતિને ઓછી કરવા માટે તેઓ જે પણ પગલાં ભરશે, અમે બધા તેમનું સમર્થન અને સહયોગ કરીશું.' દર વર્ષે દિલ્હીના નાગરિકો આ ઝેરીલાપણાનો શિકાર થાય છે અને તેમની પાસે કોઈ ઉપાય નથી.' દિલ્હીમાં તાજેતરમાં જ પ્રદૂષણ ઘટાડવા માટે ક્લાઉડ સીડિંગ એટલે કે કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરાયો હતો, પરંતુ તેનાથી કોઈ નક્કર પરિણામ આવ્યું ન હતું. આ મુદ્દે IIT દિલ્હીના સેન્ટર ફોર એટમોસ્ફેરિક સાયન્સે ૩૧ ઓક્ટોબરે રિપોર્ટ જાહેર કર્યો હતો, તેમાં જણાવાયું છે કે, શિયાળામાં ક્લાઉડ સીડિંગ દ્વારા દિલ્હીની હવામાં કોઈ મોટો સુધારો થવાની શક્યતા નથી.

## એટીએફના ભાવમાં વધારો કોમર્શિયલ સિલિન્ડર સસ્તા થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દર મહિનાની પહેલી તારીખે ઈંધણના ભાવમાં વધઘટ થાય છે તેમા એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં એક ટકાનો વધારો થયો છે અને કોમર્શિયલ એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર પાંચ રૂપિયાનો ઘટાડો થયો છે.

ઈંધણના ભાવને વૈશ્વિક માપદંડ મુજબના કરવા માટે દર મહિનાની પહેલી તારીખે તેમા વધઘટ થાય છે.

રાષ્ટ્રીય રાજધાનીમાં જેટ ફ્યુઅલનો ભાવ પ્રતિ કિલોલિટર ૭૭૭ રૂપિયા કે ૦.૮ ટકા વધીને રૂ. ૯૪,૫૪૩.૦૨ કિ.મીય થયો છે. રાષ્ટ્રીય રાજધાની દેશનું સૌથી વ્યસ્ત એરપોર્ટ ધરાવે છે. આમ સળંગ બીજા મહિને એટીએભના ભાવમાં વધારો થયો છે. પહેલી ઓક્ટોબરના રોજ એટીએફનો ભાવ પ્રતિ કિલોલિટર ૩.૩ ટકા કે રૂ. ૩,૦૫૨.૫ વધ્યો હતો. અગાઉ તેનો ભાવ પ્રતિ કિલોલિટર ૧.૪ ટકા કે રૂ. ૧,૩૦૦૮.૪૧ ઘટયો હતો.

હોટેલ્સમાં ઉપયોગમાં લેવાતા કોમર્સિયલ સિલિન્ડરનો ભાવ ગયા મહિને પ્રતિ બાટલાએ રૂ. ૧૫.૫૦ ઘટયો હતો. તેના પહેલા પણ તેના ભાવમાં છ વખત ઘટાડો નોંધાયો હતો. આ છ ઘટાડાના પગલે એપ્રિલથી તેના ભાવમાં પ્રતિ બોટલ રૂ. ૨૨૩નો ઘટાડો નોંધાયો છે. જો કે એટીએફ અને એલપીજીના ભાવ દરેક રાજ્યએ જુદાં-જુદાં હોય છે. એપ્રિલમાં સ્થાનિક એલપીજીનો ભાવ પ્રતિ સિલિન્ડર રૂ. ૫૦ જેટલો વધ્યો હતો.

## મેક્સિકોના સુપરમાર્કેટમાં ભયંકર વિસ્ફોટ બાદ આગ લાગી: બાળકો સહિત ૨૩ના મોત નિપજ્યા

**લોકપ્રિય ડિસ્કાઉન્ટ ચેઈન વાલ્ડોઝના આ સ્ટોરમાં થયેલી આ દુર્ઘટનામાં ૧૧ લોકો ગંભીર ઈજાગ્રસ્ત પણ થયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મેક્સિકો

મેક્સિકોમાં ડે ઑફ ધ ડેડ તહેવારની ઉજવણી વચ્ચે ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા હર્મોસિલો શહેરમાં ભયાનક વિસ્ફોટ થયા બાદ આગ લાગી છે. શનિવારે બનેલી આ ઘટનામાં બાળકો સહિત ૨૩ લોકોનાં મોત થયા છે. લોકપ્રિય ડિસ્કાઉન્ટ ચેઈન વાલ્ડોઝના આ સ્ટોરમાં થયેલી આ દુર્ઘટનામાં ૧૧ લોકો ગંભીર ઈજાગ્રસ્ત પણ થયા છે.

આ દુર્ઘટના એવા સમયે થઈ છે જ્યારે મેક્સિકોમાં ડે ઑફ ધ ડેડ તહેવારની ઉજવણી ચાલી રહી છે. સોનોરા રાજ્યના ગવર્નર અલ્ફોન્સો દુરાઝોએ પુષ્ટિ કરી છે કે, મૃતકોમાં ઘણા સગીર પણ સામેલ છે. તેમણે આ ઘટનાના કારણો તપાસનો આદેશ આપ્યો છે.

ગવર્નરે કહ્યું કે, 'કોઈ પણ આ દર્દ એકલું સહન નહીં કરે. કટોકટી, સુરક્ષા અને આરોગ્ય સેવાઓએ અનેક લોકોના જીવ બચાવ્યા.' સોનોરાની રેડ ક્રોસે રાહત અને બચાવ કાર્યમાં તેના ૪૦ કર્મચારીઓ અને ૧૦ એમ્બ્યુલન્સ મોકલ્યા હતા.

હાલ વિસ્ફોટના કારણોની તપાસ ચાલી રહી છે. મીડિયા રિપોર્ટમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું કારણ સામે આવ્યું છે. અધિકારીઓએ કહ્યું કે, સ્ટોરની અંદર લગાવવામાં આવેલું ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર દુર્ઘટનાનું સંભવિત કારણ હોઈ શકે છે. શહેરના ફાયર વિભાગના પ્રમુખે કહ્યું કે શું ખરેખર વિસ્ફોટ થયો હતો કે માત્ર આગ લાગી હતી, તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. મેક્સિકોના રાષ્ટ્રપ્રમુખ ક્લાઉડિયા શિનબૌમે એક્સ પર પોસ્ટ કરીને મૃતકોના પરિજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે સોનોરાના ગવર્નરનો સંપર્ક કર્યો હતો. તેમણે તાત્કાલીક તપાસના આદેસ આપવાની સાથે ઈજાગ્રસ્તોના પરિવારોને મદદ પૂરી પાડવાનો નિર્દેશ ગૃહ સચિવને આપ્યો હતો.

### બિહારમાં ચૂંટણી પ્રચાર વચ્ચે જોવા મળ્યો અલગ અંદાજ

## માછલી પકડવા માટે રાહુલ ગાંધીએ તળાવમાં મારી છલાંગ

**કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સ્થાનિક માછીમારો સાથે મળીને માછલી પકડવાની પરંપરાની પ્રક્રિયામાં ભાગ લીધો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા) બેગૂસરાય

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પહેલા તબક્કાના મતદાન માટે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે રાજકીય પાર્ટીઓ ચૂંટણીમાં પોતાની પૂરી તાકાત અજમાવી રહ્યા છે. બેગૂસરાયમા શનિવારના એક અલગ જ નજારો જોવા મળ્યો હતો. લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ખુદ તળાવમાં ઉતર્યા હતા અને સ્થાનિક માછીમારો સાથે મળીને માછલી પકડવાની પરંપરાની પ્રક્રિયામાં ભાગ લીધો હતો.



રાહુલ ગાંધીનું આ સ્વરુપ જોઈને ત્યા હાજર ગામલોકોમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. લોકોએ તેમને તળાવમાં ઉતરીને જાળ નાખતા અને માછલીઓ પકડતા જોયા. એક એવું દ્રશ્ય જે રાજકીય પ્લેટફોર્મથી આગળ વધી ગયું અને લોક સંસ્કૃતિ અને જમીન સાથેના જોડાણનું પ્રતીક બની ગયું.

સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે સવારથી તળાવમાં તૈયારીઓ ચાલી રહી હતી. જ્યારે રાહુલ ગાંધી પહોંચ્યા તો ગામલોકોએ તેમનું પરંપરાગત સ્વાગત કર્યું હતું. પછી તેઓ કોઈ પણ ખચકાટ વગર તળાવમાં ઉતર્યા હતા અને માછીમારો સાથે જાળ ફેંકી. તળાવના કિનારે હાજર લોકોએ કહ્યું કે, આવુ દ્રશ્ય પહેલા ક્યારેય નથી. કોઈ પણ નેતા આ પ્રકારે અમારી સાથે તળાવમાં ઉતરે, અમારી પરંપારઓ અપનાવે, આ અમારા માટે ગર્વની વાત છે. આ પ્રસંગે રાહુલ ગાંધી સાથે VIP વડા મુકેશ સાહની અને કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર પણ જોવા મળ્યા હતા. ત્રણેય નેતાઓએ એકસાથે તળાવમાં પ્રવેશ કર્યો, ગ્રામજનો સાથે વાતચીત કરી અને સ્થાનિક લોકો સાથે ભોજનનો સ્વાદ પણ માણ્યો હતો. મુકેશ સાહનીએ કહ્યું, આ માત્ર કોઈ પ્રવૃત્તિ નથી, પરંતુ બિહારની માટી સાથે જોડાવાનો સંદેશ છે.

રાહુલ ગાંધીનો તળાવમાં ઉતરવાનો વીડિયો મિનિટોમાં લાખોવાર જોવામાં આવ્યો. લોકોએ તેને સાચા જન નેતા ગણાવીને શેર કરી રહ્યા છે. કોંગ્રેસના નેતાઓ કહેવું છે કે, રાહુલ ગાંધી માત્ર ભાષણો દ્વારા જ નહીં, પરંતુ જમીન પર રહી લોકો સાથે જોડાઈને કામ કરી રહ્યા છે. રાજકીય નિષ્ણાતો માનવું છે કે, રાહુલ ગાંધીની મુલાકાત બિહાર ચૂંટણીના સંદર્ભમાં એક મહત્ત્વપૂર્ણ પ્રતીકાત્મક સંદેશ આપે છે. બેગુસરાયમાં મુકેશ સાહની અને કન્હૈયા કુમાર સાથેના સંકલનને મહાગઠબંધનની એકતા અને સમાવેશી રણનીતિ ના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.




